
# સિવિલના તબીબોએ ૭૦ વર્ષીય મહિલાના પેટમાંથી 'ઓવર એન્ડ સીસ્ટ'ની ગાંઠ કાઢી

ગાંધીનગર, તા. ૨૭

છેલ્લા પાંચ વર્ષથી પેટના દર્દીને લઈ પીડાતી ૭૦ વર્ષીય મહિલાના પેટમાંથી આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલના તબીબોએ દોઢ કલાકની લાંબી શસ્ત્રક્રિયા બાદ અંદાજે સાડાત્રણ કિલોની ઓવર એન્ડ સીસ્ટની ગાંઠ બહાર કાઢી મહિલાને દર્દમાંથી છૂટકારો અપાવ્યો હતો.



પ્રાપ્ત માહિતી અનુસાર સારાબીબી શેખ નામની ૭૦ વર્ષિય મહિલાને છેલ્લા પાંચ વર્ષથી પેટની બિમારીથી પીડાતી હતી. આથી અસંખ્ય દવા અને સારવાર કરાવી હતી પરંતુ દિવસે ને દિવસે પીડામાં વધારો થતો હતો. આથી મહિલાએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આવી સારવાર કરાવતા તબીબોએ જુદા જુદા રીપોર્ટ કરતા મહિલાના પેટમાં ઓવર એન્ડ સીસ્ટ નામની ગાંઠ હોવાની માહિતી મળી હતી જો કે આ ગાંઠ કાઢવામાં આવે તેના થોડા સમયમાં કેન્સર થવાની શક્યતા વધી જાય છે. ત્યારે તબીબો ડૉ. રાકેશ પટેલ અને ડૉ. રૂનુબેન ઘોષ અને ડૉ. શીતલબેન હડવરીયા, સીસ્ટર હીરલ કોઠારી અને ઓટી. આસીસ્ટન ચંદ્રેશ રાઠોડની મદદ લઈ મહિલાના પેટમાં રહેલી ગાંઠને દૂર કરવા ઓપરેશન હાથ ધર્યુ હતુ અને અંદાજે દોઢ કલાક સુધી ચાલેલા આ ઓપરેશનના અંતે સાડાત્રણ કિલોની ગાંઠ બહાર કાઢી હતી અને મહિલાને વર્ષો જૂના પીડાદાયક દર્દમાંથી છૂટકારો અપાવ્યો હતો.

# સે-૧૧માંથી રીઢો બાઈક ચોર ઝડપાયો

## ગાંધીનગર એબસ્કવોન્ડર સ્કવોર્ડે પેટ્રોલિંગ દરમિયાન ચોરીના બાઈક સાથે અટકાયત કરી હતી

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર એલ.સી.બી. પોલીસે આજે પેટ્રોલિંગ દરમિયાન સે-૧૧માંથી ચોરીના બાઈક સાથે એક કિશોરની ધરપકડ કરી હતી અને તેની વિરુધ્ધ સે-૭ પોલીસ મથકમાં ગુનો દાખલ કરાવતા પોલીસ પુછપરછમાં અન્ય ત્રણ બાઈક ચોરીની કિશોરે કબુલાત કરી હતી.

પોલીસ સૂત્રો પસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લાની એબસ્કવોન્ડર સ્કવોર્ડની ટીમના પી.એસ.આઈ. એમ.સી. ગોહિલ તથા અશોકકુમાર કિરીટભાઈ, મહિપાલસિંહ તેમજ યુવરાજસિંહ આજે ગાંધીનગર ટાઉન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા આ દરમિયાન એક કિશોરને ચોરીના હીરોહોન્ડામાં સાઈકલ ન. જીજે ૧૮-કે-૮૨૩૭ સાથે સે-૧૧માંથી શંકાસ્પદ હાલતમાં પકડી પાડયો હતો અને બાઈકના કાગળ-તેમજ પુરાવા અંગે પુછપરછ કરતા બાઈક તેણે બે દિવસ અગાઉ ગાંધીનગર કોર્ટ સંકુલના પાર્કિંગમાંથી ચોરી કરી હોવાની હકીકત બહાર આવી હતી જયારે આ અંગે કિશોરની સઘન પુછપરછ કરતા કિશોરે ૧ બાઈક સે-૨૮ ગાર્ડન તેમજ ત્રણ કોર્ટ સંકુલ પાર્કિંગમાંથી મળી કુલ ચાર બાઈકની ચોરી કરી હોવાની ચોંકાવનારી કબુલાત કરી હતી. આથી એલસીબીની એબસ્કવોન્ડર સ્કવૉર્ડ એ કિશોર વિરૂધ્ધ સે-૭માં ફરિયાદ આપતા સે-૭ પોલીસે તેના વિરૂધ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# શહેરમાં જીવલેણ રોગોથી મુક્ત કરતો બ્રહ્મનાદ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૨૭

શહેરની નામોકિત સંસ્થાઓ વનશ્રી ટ્રસ્ટ, લાયોનેસ ક્લબ અને અખિલ મહિલા સામાજીક સ્વાસ્થસંઘ દ્વારા વિવિધ શારીરિક તકલીફો દૂર કરવા બ્રહ્મનાદ (શંખ વગાડવો) કાર્યક્રમ યોજવામાં આવશે.

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ સંઘના હોલમાં તા. ૨૯ માર્ચ શનિવારના રોજ ૫ થી ૬ કલાક સુધી યોજવામાં આવશે. કાર્યક્રમમાં બ્રહ્મનાદ દ્વારા ડાયાબિટીસ, બી.પી. હાર્ટ એટેક, કેન્સર, અસ્થમા જેવા ભયાનક રોગોથી મુક્ત કરવા નિષ્ણાત દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

કાર્યક્રમમાં કલોલ એન્જિનીયરીંગ કોલેજના પ્રોફેસર સમીરભાઈ માહિતી પુરી પાડશે. જેમાં આ જીવલેણ રોગોથી શંખ વગાડીને કેવી રીતે મુક્ત થઈ શકાય છે તેના પ્રયોગ દ્વારા સમજાવશે. કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા સમીક્ષાબેન, આરતીબેન ભટ્ટ અને અંજના નિમાવતનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

# વિધાનસભા અધ્યક્ષ કસ્તુરબા, સરદારસિંહ અને ડૉ. આંબેડકરને પુષ્પાંજલિ આપશે

પૂજ્ય કસ્તુરબા ગાંધીના ૧૪૬માં જન્મદિવસ નિમિત્તે વિધાનસભા બિલ્ડીંગમાં મુકવામાં આવેલ તૈલ ચિત્રને તા. ૧૧ એપ્રિલના રોજ સવારે ૧૧.૦૦ કલાકે અધ્યક્ષ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે.

સરદારસિંહ રાણા ક્રાંતિકારી સ્વાતંત્ર્ય સૈનિક સરદારસિંહનો ૧૪૫મો જન્મદિવસ તા. ૧૧ એપ્રિલના રોજ હોવાથી તેમના તૈલચિત્રને વિધાનસભા અધ્યક્ષ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. ડૉ. બાબાસાહેબ આંબેડકર બંધારણના ઘડવૈયા ડૉ. આંબેડકરના ૧૨૪મી જન્મ જયંતિ નિમિત્તે તા. ૧૪ એપ્રિલના રોજ વિધાનસભામાં તૈલચિત્રને સવારે ૧૦.૦૦ કલાકે અધ્યક્ષશ્રી પુષ્પાંજલિ અર્પણ કરશે.

# ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજની સભા સુરેન્દ્રનગરમાં યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજની સામાન્ય સભા તા. ૩૦ માર્ચ, રવિવાર સવારે ૯-૦૦ કલાકે સંતશ્રી સવૈયાનાથ ભવન સુરેન્દ્રનગર ખાતે યોજવામાં આવશે.

સભા બે સત્રમાં યોજવામાં આવશે. પ્રથમ સત્રમાં મહાનુભાવોનું સન્માન તેમજ બીજા સત્રમાં વર્ષ ૨૦૧૧ થી ૧૩ના હિસાબો કરવામાં આવશે અને સભામાં હોદ્દેદારોની સર્વાનુમતે નિયુકિત કરવામાં આવશે. સભામાં ગાંધીનગર જિલ્લાના ઘટકના તમામ સભાસદોએ સ્વૈચ્છિક રીતે ઉપસ્થિત રહેવા મંત્રી ચીમનભાઈ રાજગોરે જણાવ્યું છે.

# માધવપુરામાં લાખોની ચોરીથી ભારે સનસની

અમદાવાદ, તા.૨૭

અમદાવાદ શહેરમાં તસ્કરરાજે જાણે માઝા મુકી હોય તેમ એક પછી એક ચોરીના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. માધવપુરા વિસ્તારમાં આવેલા જીનીંગ મીલમાંથી તસ્કરોએ ૧.૫૨ લાખના મુદ્દામાલનો હાથ સફાયો કર્યા હોવાનું પ્રકાશમાં આવ્યું છે.

સેટેલાઈટ વિસ્તારના શ્યામલ ચાર રસ્તા પાસે આવેલા સંધ્યા ટાવરમાં રહેતા કિર્તીકુમાર તુલસીદાસ ઠક્કરે માધવપુરા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે કે ૩ માર્ચના રાત્રીના સમય દરમ્યાન ગુજરાત જીનીંગ મીલ જયપુર ગોલ્ડન ટ્રાન્સપોર્ટના ગોડાઉનના છતનું પતરૂં તોડી ગોડાઉનમાંથી તસ્કરો કાપની ગાંસડીની કિંમત રૂા. ૧,૫૨,૮૨૪નો મુદ્દામાલ ચોરી કરી ગયા હતા. તો બીજી તરફ સીટીએમ ચાર રસ્તા પાસેના પ્રમુખ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા નિકુંજભાઈ દિલીપભાઈ પંચોલીએ ગતરોજ ઈસનપુર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે કે ૯ માર્ચથી ૧૭ માર્ચ દરમ્યાન ઈસનપુર હનુમાનજીના મંદિર પાસે ખાનગી કંપનીનાં જમીનમાં નાંખવાના પ્લાસ્ટીકના પાઈપને તસ્કરો ચોરી કરી ગયા હતા.

અંદાજે ૧૨૫૯ મીટર પ્લાસ્ટિકના પાઈપ ચોરી કરી ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ મામલાની તપાસ પોલીસ કરી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં અવારનવાર ચોરીના બનાવો પ્રકાશમાં આવતા હોય છે ત્યારે જાણે રાતદિન પેટ્રોલિંગમાં સતર્ક રહેતી પોલીસને તસ્કરો પડકાર ફેંકી રહ્યા છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર

*ચોરી, ઉપર સે સીના જોરી...!*

# ગાડીને તો ઠોકી અને ડ્રાઈવરને પણ ઠોક્યો...

## એરફોર્સના પાંચ જવાનોએ મળી સે-૨૧ પાસે ધમાલ મચાવી

ગાંધીનગર, તા.૨૭

શહેરના છ માર્ગ પર ગત રોજ સાંજના સમયે પાંચ જેટલા એરફોર્સના જવાનોએ નજીવી બાબતે એક કાર ચાલકની ધોલાઈ કરી નાંખી હતી. પાંચેય જણાએ ભેગા થઈ એક ચાલકને ગડદાપાટુનો ઢોર મારી મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. આ સંદર્ભે સે-૨૧ પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્ય અને વાસણીયા મહાદેવ ગામના અગ્રણી વિરેન્દ્રસિંહ વાઘેલાની કારનો ચાલક મનિષ રાવજીભાઈ પટેલ (રહે. ઉનાવા) ગત રોજ સાંજના સમયે ઈનોવા કાર નં. જીજે-૧૮ બીબી ૧૦૦૧ લઈ 'છ' માર્ગ પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે પાછળથી પુરપાટ ઝડપે બે એરફોર્સના જવાનો બાઈક પર આવી રહ્યા હતા અને બાઈક ચાલકે ઈનોવા કારને ટકકર મારી હતી. આથી ચાર ચાલકે નીચે ઉતરી બાઈક ચાલક એરફોર્સ જવાનને ઠપકો આપતા બે એરફોર્સ જવાનોએ ઉગ્ર બોલાચાલી કરી ગાળાગાળી કરી હતી. દરમિયાન અન્ય ત્રણ એરફોર્સ જવાનો પણ ત્યાં આવી પહોંચ્યા હતા અને બધાએ ભેગા થઈ કારના ચાલકને જોરદાર ગડદાપાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અંતે તમામ ફરાર થઈ ગયા હતા. બાદમાં ઘાયલ કાર ચાલકે સે-૨૧ પોલીસ મથકમાં ફરિયાદ આપતા પોલીસે તમામ વિરુધ્ધ ગુનો દાખલ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ગાંધીનગર શહેર કોંગ્રેસે વોર્ડ અને સેકટરના પ્રમુખોની નિમણુંક કરી

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા લોકસભાની આગામી ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પક્ષનું સંગઠન મજબુત બને અને પક્ષના કાર્યક્રમોને વેગ મળે તે હેતુથી દરેક વોર્ડના હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અર્જુનભાઈ મોઢવાડિયા અને ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ પટેલની સૂચના અને ઝોન-૨ના પ્રમુખ રાજેન્દ્રસિંહ ચાવડાની ભલામણથી આ નિમણુંકો કરવામાં આવી હતી.

વોર્ડ-૧ના કોંગ્રેસ પ્રમુખ તરીકે અર્જુનસિંહ ભરતસિંહ ડાભી, વોર્ડ-૫ના પ્રમુખ તરીકે મેરુસિંહ લક્ષ્મણસિંહ ચાવડા, વોર્ડ-૩ના જી.ટી.એસ. છાપરાના પ્રમુખ તરીકે ચંદાબેન ગાભાજી દંતાણી, વોર્ડ-૪ સેકટર-૨૦ના પ્રમુખ તરીકે રોહિતભાઈ બળદેવભાઈ બારોટ અને વોર્ડ નં. ૧ સેક્ટર-૨૭ના પ્રમુખપદે તન્મય ભરતભાઈ પટેલની પસંદગી કરવામાં આવી છે. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ આગેવાનોએ ઉપરોક્ત વરણીઓ બાબતે સંતોષ વ્યક્ત કરી ખૂબ ખૂબ અભિનંદન પાઠવેલ છે. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા શહેરમાં વોર્ડ પ્રમુખ અને સેક્ટર પ્રમુખોની નિમણૂંકો કરાતા હવે કોંગ્રેસ પક્ષના પ્રચાર કાર્યને વેગ મળવાની આશા સેવાઈ રહી છે. કાર્યકરોમાં પણ ઉપરોક્ત વરણીઓ બાબતે ઉત્સાહ જોવા મળ્યો હતો.

# શહેરમાં અવાજ પ્રદુષણના વિકરાળ સ્વરૂપથી લોકોની શાંતિ હણાઈ

## પાટનગર પોતાની અસલ ઓળખ ગુમાવી રહ્યું છે, અવાજ પ્રદુષણનું તાકીદે નિયંત્રણ જરૂરી

ગાંધીનગર, તા.૨૭

રાજયભરમાં સ્વચ્છ, સુંદર, શાંત અને હરિયાળા પાટનગરની પ્રતિભા ધરાવતું ગાંધીનગર શહેર દિન પ્રતિદિન અનેક મૂળભૂત સમસ્યાઓ થકી પોતાની ઓળખ ગુમાવી રહ્યું છે. શહેરના નયનરમ્ય અને શાંત વાતાવરણને ચિરી નાંખતું અવાજ પ્રદુષણ હાલમાં બેકાબુ બની વિકરાળ સ્વરૂપ તરફ ધસી રહ્યું છે. શહેરીજનોની આ જરુરિયાત ઉપર વહીવટી તંત્રએ ધ્યાન આપી નિયંત્રણ લાવવું જોઈએ તેવી માંગ સંજોગો આધિન ઉભી થઈ છે.

નિરવ શાંતિ અને નયનરમ્ય નજારાનો અનુભવ કરાવતું રાજયનું પાટનગર હાલમાં અવાજના પ્રદુષણના લપેટામાં લપટાઈ રહ્યું છે. શહેરમાં દિન પ્રતિદિન વધી રહેલો ટ્રાફીક, વાહનોના એન્જીનનો અવાજ, હોર્ન સિસ્ટમ, લાઉડ સ્પીકર સિસ્ટમ તથા અન્ય ઘોંઘાટ શાંતિ વાતાવરણને ડહોળી રહ્યા છે. શહેરમાં સેકટર દીઠ બગીચામાં અને બગીચાઓમાં તથા બાંકડાઓ ઉપર બેસી શાંત વાતાવરણની મજા માણતા શહેરીજનો અવાજ પ્રદુષણથી તોબા પોકારી ઉઠયા છે. સિનીયર સીટીઝન તથા અન્ય લોકો હળવી પળો માણવા શહેરના માર્ગો ઉપર લટાર મારવા નીકળતા તેમણે પણ કાન બંધ કરી દેવા સુધીની નોબત આવે છે. રાત્રીના સમયે જોરદાર અવાજો સાથે પૂરપાટ નીકળતા વાહનચાલકો અવાજ પ્રદૂષણને બેફામ બનાવી રહ્યા છે. પૂરપાટ જતાં બાઈકો ઉપર ચિચિયારીઓ પાડી શહેરીજનોને ભયમાં મુકનાર નબીરાઓ અને ટીન એજરો પણ આ સમસ્યા માટે જવાબદાર બન્યા છે. લગ્નપ્રસંગે ડીજે, અન્ય પ્રસંગોમાં બેન્ડવાજા તથા ડીજે અને સામાન્ય ખુશીના પ્રસંગમાં પણ મોટેથી વાગતા લાઉડસ્પીકર અવાજ પ્રદુષણ પેદા કરી રહ્યા છે. જે માટે શહેરીજનોની પોતાની જાગૃતિ કેળવવી જોઈએ તેવું પણ ચર્ચાઈ રહ્યું છે.

વહીવટી તંત્રએ તાકીદે અવાજ પ્રદુષણની મસ મોટી સમસ્યાને ગંભીરતાથી લઈ તાત્કાલિક પગલાં લેવા જોઈએ અન્યથા ગાંધીનગર શહેર પોતાની આગવી ઓળખ ગુમાવી દેશે અને શહેરીજનો આ સમસ્યાથી ત્રસ્ત બની ત્રાહીમામ પોકારી ઉઠશે.

# ઝુંપડપટ્ટીમાં ચાલતો ડૉ. સોમભાઈ પટેલનો અનોખો 'અક્ષરજ્ઞાન' વર્ગ

ગાંધીનગર, તા.૨૭


'જેને ખરેખર સેવા કરવી જ છે તેને કોઈ હોદાની જરૂર નથી કે નથી જરૂર કોઈ સત્તાની.' આ ઉકિતને યથાર્થ ઠેરવી રહ્યા છે ગાંધીનગરના પ્રતિષ્ઠિત



કડી કેમ્પસના કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ સી. પટેલ. નિવૃત્ત કર્મચારી સોમભાઈ પટેલ વંચિતોના વર્ગના બાળકોને નિઃસ્વાર્થપણે ભણાવી રહ્યા છે.

ભારત દેશની એક ખાસિયત છે કે અહીં વરસે લાખ રૂપિયાની ફી લેતા બાલમંદિરો અને નર્સરી પ્લે ગૃપ શાળાઓ છે તો એક તરફ તદન નિઃશુલ્ક ધોરણે ચલાવાતા ઝુંપડપટ્ટીના વર્ગો અને શાળાઓ પણ વંચિતોના આવા જ એક વર્ગને ગાંધીનગરના પ્રતિષ્ઠિત કડી સર્વ વિદ્યાલય સંકુલના કેમ્પસ ડારેકટર ડૉ. સોમભાઈ પટેલ છેલ્લા ત્રણ વર્ષથી નિયમિત પણે ભણાવી રહ્યા છે. સેકટર-૨૮ના ઘ-૬ સર્કલ તરફના ખૂણા પાસે આવેલા છાપરાંમાં રહેતા બાળકો માટે છાપરા પાસે અઠવાડિયામાં પાંચ દિવસ આ વર્ગ ચલાવવામાં આવે છે. સોમવારથી લઈને શુક્રવાર સુધી સાંજે ૬ થી ૭ વાગ્યા દરમિયાન આ સેવા કાર્ય ડૉ. સોમભાઈ પટેલ તેમની પુરી નિષ્ઠાથી બાળકોને ભણાવે છે. તેમના આ સેવાયજ્ઞમાં હેતલ સોની અને અંજના બારોટ પણ જોડાવા પ્રેરાયા અને તેમને સહયોગ આપી રહ્યા છે.

ડૉ. સોમભાઈ પટેલે વિવિધ શિક્ષણ સંસ્થાઓમાં ઊંચા હોદાઓ પર કામ કરેલું છે. ૭૫ વર્ષીય સોમભાઈ આજે નિવૃત્તિ પછી પણ કડી સર્વ વિદ્યાલય સંસ્થામાં કેમ્પસ ડાયરેકટરની સેવાઓ આપી રહ્યા છે. આ ઉંમરે યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી તેઓ પ્રવૃત્તિઓમાં સક્રિય રહે છે તેમની સેવાભાવના અને બાળકોને ભણાવવાની બાબતે પૂછતા તેઓ જણાવે છે કે હું નિવૃત્ત છું તેથી સરકાર મારી પાસેથી કશું કામ લેતી નથી પરંતુ છેલ્લા ૧૫ વર્ષથી મને નિયમિત પેન્શન આપે છે. તેથી હું આ સેવાનું કાર્ય કરું છું. ડૉ. સોમભાઈની ઈચ્છા છે કે તેમની આ પ્રવૃત્તિમાં સેવાની



ભાવના અને ભણાવવાની આવડતવાળા થોડા વધુ શિક્ષકો તેમની સાથે આ પ્રવૃત્તિમાં જોડાય.

ડૉ. સોમભાઈ પટેલના આ વર્ગમાં અક્ષરજ્ઞાનની સાથે બાળકોને સ્વચ્છતા, આરોગ્ય, શિષ્ટ રીતભાત, રમતો, ગીતો, સેવાભાવના, પ્રમાણિકતા, પુરુષાર્થ અને સામાન્ય જ્ઞાન વગેરેનું પણ શિક્ષણ અપાય છે. કડી સંસ્થા તરફથી આ બાળકોને ફળફળાદિ, મીઠાઈ તથા અભ્યાસ સામગ્રી પણ આપવામાં આવે છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫
સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૩૮.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૪૨ ટકા ● સાંજે ૨૬ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
યંગીસ્તાન: ૧૦.૧૦, ૧.૧૦, ૪.૧૦, ૭.૧૦, ૧૦.૧૦
: સ્ક્રીન-૨ :
ઓ-તેરી: ૯.૫૫, ૩.૧૫, ૮.૩૫, ૧૦.૫૫
ક્વીન: ૧૨.૧૫, ૫.૩૫
: સ્ક્રીન-૩ :
રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૦, ૩.૧૦, ૮.૧૦, ૧૦.૫૦
ઓ-તેરી: ૧૨.૫૦, ૫.૫૦
: સ્ક્રીન-૪ :
ઢીશ્કીયાં: ૧૦.૫૫, ૧.૨૫, ૪.૧૦, ૬.૫૫, ૯.૪૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :
ઢીશ્કીયાં: ૧૦.૪૫, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
ઓ-તેરી : ૧૦.૩૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
યંગીસ્તાન: ૧૦.૧૫, ૧.૧૫, ૭.૧૫
રાગીની એમએમએસ-૨ : ૪.૧૫, ૧૦.૨૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ઢીશ્કીયાં: ૧૦.૩૦, ૧.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
રાગીની એમ.એમ.એસ. : ૪.૩૦
: સ્ક્રીન-૨ :
યંગીસ્તાન: ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
રાગીની એ.એમ.એસ. :૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
ઓ-તેરી: ૧૦.૦૦, ૪.૦૦, ૭.૦૦
યંગીસ્તાન: ૧.૦૦
રાગીની એમ.એમ.એસ. : ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

પડકાર :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

પ્રેમ કરે તો ગોરી તું હાચો કરજે :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : પ્રબળ આત્મવિશ્વાસ અને દૃઢ સંકલ્પથી મુશ્કેલ કાર્યોનો પણ ઉકેલ નીકળશે. સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : વરિષ્ઠ વ્યક્તિઓના વિવાદથી બચવું. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે.

**મિથુન** : કુટુંબ-વ્યાપાર સંબંધી કાર્યોમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો યોગ. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે.

**કર્ક** : કર્મક્ષેત્રમાં ગહન શોધ વગેરનો યોગ. આર્થિક ક્ષેત્રમાં લંબિત પ્રકરણોમાં સમય પસાર થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. વ્યાપારમાં પ્રગતિ થશે.મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે.

**સિંહ** : ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે.

**કન્યા** : પદ, પ્રતિષ્ઠા, ભવન, કુટુંબમાં માંગલિક કાર્યોનો વિશેષ યોગ. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો.

**તુલા** : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ. સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ.

**વૃશ્ચિક** : ખાસ મહત્વનાં આર્થિક કાર્યોમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્માનું આયોજન થઈ શકે છે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે.

**ધન** : ધાર્મિક કાર્યોમાં વિશેષ ધન વ્યય થઈ શકે છે. ભાગીદારીઓથી વિશેષ લાભ. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : લંબિત સામાજિક પ્રકરણ સમાપ્ત થશે. અર્થને લગતી સમસ્યાઓ પર વિશેષ ચિંતન યોગ. સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. પરિવાર, વેપારની બોદ્ધિક સમસ્યાઓનો વિવેકપૂર્ણ ઉકેલ કરવો. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : મિત્ર વર્ગ, શિક્ષા, સંતાન પક્ષ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી. જીવનસંગીની સાથે તકરાર ન બને.